# પુનરાવર્તન - 2

## એકમ1 થી 9

### ચાલો ફરીથી યાદ કરીએ :

- શિલાલેખ
- નાગરિક અને નાગરિકતા
- નકશો
- ખંડો અને અયનવૃત્તો
- અગ્નિ, ખેતી અને ચક્રની શોધો
- ભૂતકાળની ઐતિહાસિક ઘટનાઓની માહિતી જુદા જુદા સ્રોતથી જાણવી.
- તાડપત્રો અને ભોજપત્રો
- વાસણો, ઓજારો કે આભૂષણો
- વિવિધ ધર્મ, જાતિ, ભાષા, ખોરાક, પોશાક વિશેની વિભિન્નતામાં રહેલી એકતા જાણવી.
- ગુજરાતનું સ્થાન, સીમા તથા ભૂપૃષ્ઠના પાંચ વિભાગો :
  - નદીકિનારાના મેદાનપ્રદેશો
  - ઉચ્ચપ્રદેશો
  - પહાડીપ્રદેશો
  - દરિયાકિનારાના પ્રદેશો
  - રણપ્રદેશો
- સિંધુખીણની સભ્યતા અને નગરોની શોધ
- ગુજરાતનાં પ્રાચીન નગરો
- જીવનનિર્વાહ
- આર્થિક જીવન
- સામાજિક જીવન

### ચાલો સમજીએ :

1. તમારા ગામમાં કોઈ મંદિર, મકાન કે કોઈ ખંડેર કેટલું જૂનું છે તે કેવી રીતે નક્કી કરશો ?
2. કોઈ વિસ્તારનો નકશો દોરતાં પહેલાં કઈ બાબતોને ધ્યાનમાં રાખશો ?

3. તમારા ઘરમાં ચૂંટણી કાર્ડ સિવાય બીજાં કયા કયા કાર્ડ છે તે નોંધો.
4. સ્થળાંતર કરતા લોકોના અને તમારા જીવન વચ્ચે શો તફાવત છે ?
5. તમારો વિસ્તાર ભૂપૃષ્ઠના કયા વિભાગમાં આવેલો છે તે જણાવો.
6. પ્રાચીન નગરોમાં જોવા મળતી રોજિંદી વપરાશની ચીજવસ્તુઓ અને તમારી રોજિંદી વપરાશની ચીજવસ્તુઓમાં શું સામ્યતા છે ?

## ચાલો વિચાર કરીએ :

1. તમે રસ્તે જતાં હો ત્યારે અચાનક કોઈ જૂનો સિક્કો મળી જાય તો તમે શું કરશો ?
2. ચૂંટણી કાર્ડ સિવાયના બીજા એવા કયા આધારો છે, જેના દ્વારા 'ભારતીયતા' સાબિત કરી શકાય ?
3. તમે તમારા જીવનમાં એવું શું કરવા ઈચ્છો છો જેથી સમાજને મદદરૂપ થવાય ? પૃથ્વી પર આવેલાં મહત્ત્વનાં અયન વૃત્તો કયા કયા ખંડોમાંથી પસાર થાય છે ?
4. જો અગ્નિ અને ચક્રની શોધ ન થઈ હોત તો આપણું જીવન કેવું હોત ?
5. બજારમાંથી કોઈ વસ્તુ ખરીદી લાવ્યા છો, તો તે વસ્તુ કઈ કઈ પ્રક્રિયામાંથી પસાર થઈને આવી છે તે જણાવો.
6. ગુજરાતની કઈ નદીઓમાંથી રેતી મળે છે અને કઈ નદીઓમાંથી પથ્થરો મળે છે તે જણાવો.
7. 'બોર્ડર' ફિલ્મનું 'સંદેશે આતે હૈ' ગીતની વીડિયો ક્લિપ્સ બતાવી, તેમાં શું-શું જોવા મળ્યું તેની નોંધ કરો.
8. પ્રાચીન નગરોના લોકજીવન અને વર્તમાન લોકજીવનમાં શું તફાવત છે ?
9. પ્રાચીન નગરોમાંથી મળી આવેલ વસ્તુઓ પરથી શું એવું લાગે છે કે ત્યાં ધાતુનો ઉપયોગ થતો હશે ?

## જાતે કરીને ચકાસો અને જુઓ :

1. તમારા ઘરમાં પૂર્વજોના સંઘરેલા રાણીછાપના સિક્કામાં તમે કઈ કઈ બાબતો જોવાનો પ્રયત્ન કરશો ?
2. કોઈ પણ પાંચ રૂઢ સંજ્ઞાનો ઉપયોગ કરી, તમારા ગામનો નકશો તૈયાર કરો.
3. નાગરિક તરીકે તમે શું કરશો અને શું નહિ કરો, તે જણાવો.
4. તમારા ઘરમાં ચક્રના ઉપયોગથી ચાલતી વસ્તુઓની યાદી બનાવો.
5. ગુજરાતના રેખાંકિત નકશાના આધારે નીચેની વિગતો ભરો :
   - દરિયાઈ સીમા ધરાવતા જિલ્લાઓનાં નામ લખો.
   - આંતરરાજ્ય સીમા ધરાવતા જિલ્લાનાં નામ લખો.
6. વાર્તા, પ્રાચીન ગ્રંથો, જૂનાં ખંડેરોની માહિતી મેળવી તમારા ગામનો ઇતિહાસ જાણી વિગતો નોંધો.

■ ■ ■